દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શુક્રવાર ૩ એપ્રિલ, ૨૦૨૬

# ટેક કંપનીઓમાં એઆઇ પ્રેરિત છટણીઓનો નવો દોર

વર્તમાન સમયમાં ટેકનોલોજીના ક્ષેત્રે ‘આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ’ (AI) એક એવું પરિબળ બની ગયું છે જે જેટલું આશાસ્પદ છે, એટલું જ ભયજનક પણ લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક સમયથી વૈશ્વિક સ્તરે અને ખાસ કરીને ભારત જેવી આઈટી હબ ગણાતી અર્થવ્યવસ્થાઓમાં ટેક કર્મચારીઓની છટણીના સમાચારો હેડલાઇન્સ બની રહ્યા છે. આ પરિસ્થિતિ પાછળનું મુખ્ય કારણ ‘AI’ હોવાનું માનવામાં આવે છે. પ્રશ્ન એ થાય છે કે, શું ખરેખર AI માણસની જગ્યા લઈ લેશે? હાલમાં જ્યારે ઓરેકલ કંપનીએ 30000 જેટલા કર્મચારીઓને છૂટા કરવાની જાહેરાત કરી તેના પછી ખાસ કરીને ટેક કંપનીઓના કર્મચારીઓની ચિંતાઓ વધી છે.

AI માત્ર એક સાધન નથી, પણ એક એવી ક્ષમતા છે જે માણસની જેમ શીખી શકે છે અને જટિલ કાર્યો સેકન્ડોમાં પૂર્ણ કરી શકે છે. પ્રોગ્રામિંગ, ડેટા એનાલિસિસ, સોફ્ટવેર ટેસ્ટિંગ અને કન્ટેન્ટ રાઈટિંગ જેવા કાર્યો, જે અગાઉ હજારો કર્મચારીઓ દ્વારા કરવામાં આવતા હતા, તે હવે AI ટૂલ્સ વધુ સચોટતાથી અને ઓછા ખર્ચે કરી રહ્યા છે. ટેક કંપનીઓ પોતાનો ખર્ચ ઘટાડવા અને નફો વધારવા માટે માનવબળને બદલે આધુનિક ટેકનોલોજી પર વધુ નિર્ભર બની રહી છે. પરિણામે, મધ્યમ અને નીચલા સ્તરના એન્જિનિયરો અને કર્મચારીઓ પર નોકરી ગુમાવવાનું જોખમ તોળાઈ રહ્યું છે. છેલ્લા કેટલાક સમયમાં અનેક કંપનીઓએ છટણીઓની જાહેરાત કરી છે, જેમાં ઘણી કંપનીઓએ AIનુ નામ લીધું નથી, પણ હાલના એક સર્વેક્ષણ પ્રમાણે ૨૦૨૬મા એઆઇ પ્રેરિત અનેક છટણીઓ થઇ શકે છે. જોકે, સિક્કાની બીજી બાજુ એ પણ છે કે ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ નવી ટેકનોલોજી આવી છે, ત્યારે જૂની નોકરીઓ ગઈ છે અને નવી તકો ઊભી થઈ છે. જ્યારે કોમ્પ્યુટર આવ્યા ત્યારે પણ આવો જ ડર હતો, પરંતુ કોમ્પ્યુટરે લાખો નવી નોકરીઓનું સર્જન કર્યું. AIના કિસ્સામાં પણ એવું જ કહી શકાય. જે કાર્યો પુનરાવર્તિત (Repetitive) છે, તે ચોક્કસપણે મશીનો પાસે જશે. પરંતુ સર્જનાત્મકતા, ભાવનાત્મક બુદ્ધિ (Emotional Intelligence) અને જટિલ નિર્ણય લેવાની ક્ષમતા હજુ પણ માણસ પાસે જ શ્રેષ્ઠ છે.

કર્મચારીઓએ હવે માત્ર ડિગ્રીના ભરોસે રહેવાને બદલે ‘અપસ્કિલિંગ’ પર ધ્યાન આપવું પડશે. AI ને દુશ્મન માનવાને બદલે તેને એક સહાયક તરીકે સ્વીકારીને તેની સાથે કામ કરતા શીખવું પડશે. જે કર્મચારીઓ AI ટૂલ્સનો ઉપયોગ કરીને પોતાની કાર્યક્ષમતા વધારશે, તેમની માંગ બજારમાં ક્યારેય ઘટશે નહીં. AI ટેક જગત માટે જોખમ ઓછું અને પડકાર વધુ છે. ટેક કંપનીઓએ પણ માત્ર નફા પાછળ દોડવાને બદલે નૈતિક જવાબદારી સમજીને પોતાના કર્મચારીઓને નવી ટેકનોલોજી શીખવવા માટે પ્રોત્સાહિત કરવા જોઈએ. જો પરિવર્તન સાથે તાલ મિલાવવામાં આવશે, તો આ ક્રાંતિ છટણીનું કારણ નહીં, પણ પ્રગતિનું સોપાન સાબિત થશે. જે ગતિએ દુનિયા બદલાઈ રહી છે, તેમાં ‘સતત શીખતા રહેવું’ એ જ રોજગાર સુરક્ષાની એકમાત્ર ચાવી છે.

## નાની નાની બાબતોની તાકાત

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

### પહેલો પ્રસંગ

મોડી સાંજે લોકલ ટ્રેનના લેડીઝ ડબ્બામાં ભરચક ગરદી હતી. બધી જ સ્ત્રીઓ દિવસભરના થાક સાથે ઘરે જવા ઉતાવળી હતી.એક સ્ત્રી ડબ્બામાં ચઢી. તેના મોઢા પર ખૂબ જ ટેન્શન અને આંખોમાં ડર હતો અને આંસુ નીકળવાની તૈયારી હતી.તેના ચહેરા પરની પરિસ્થિતિ જોઇને એક કોલેજીયન યુવતીએ ચુપચાપ ઊભા થઈને કહ્યું, ‘‘આન્ટી બેસી જાવ.’’ તે બેસી ગઈ પણ બેઠા પછી તેની આંખમાંથી સતત આંસુની ધાર વહી રહી હતી. તે જેટલી રોકવાની કોશિશ કરતી પણ આંસુ રોકાતાં ન હતાં.બધાં તેની સામે જોઈ રહ્યાં હતાં. તેનું સ્ટેશન આવ્યું. તે ઊભી થઈને ઊતરી ગઈ. તેની સાથે બીજી એક સ્ત્રી ઊતરી અને સ્ટેશન પર જ તે સાવ અજાણી સ્ત્રીએ પેલી રડતી સ્ત્રીને પોતાના બાથમાં લઈને ભેટીને કહ્યું, ‘‘તમે સતત રડી રહ્યાં છો. શું થયું છે, મને ખબર નથી પણ ચિંતા ન કરો. ભગવાન બધું સારું કરશે.’’ સાવ અજાણી સ્ત્રીના આટલા શબ્દો અને એક આલિંગને પેલી રડતી સ્ત્રીને થોડી હિંમત આપી.

### બીજો પ્રસંગ

રાત્રે અચાનક લાઈટ ગઈ અને નાનકડી સિયા ઊઠીને રડવા લાગી અને બોલી, ‘‘મમ્મી, મને અંધારાનો બહુ ડર લાગે છે.તેની મમ્મીએ કહ્યું, ‘‘ડર નહિ, હું હમણાં તને એક જાદુ શીખવાડીશ અને અંધારું સાવ ભાગી જશે.’’ સિયા રડતી બંધ થઈ. મમ્મી અંધારામાં ધીમેથી ઊભી થઇ અને મીણબત્તીઓ અને માચીસ લઈને આવી અને ધીમેથી એક મીણબત્તી પ્રગટાવી અને પછી તેની મદદથી બીજી ત્રણ ચાર મીણબત્તી પ્રગટાવી.નાની નાની મીણબત્તીના પ્રકાશથી સિયાને ડરાવતું બધું અંધારું પળવારમાં ગાયબ થઈ ગયું.

### ત્રીજો પ્રસંગ

ત્રણ વર્ષ બાદ નિયા વિદેશ ભણીને ઘરે પાછી આવી, આવતાંની સાથે તેણે પોતાનાં ખાસ મિત્રોને મળવા બોલાવ્યાં. મિત્રો આવ્યાં અને બોલ્યાં,‘‘ વાહ નિયા,તું અમને વિદેશ રહીને પણ ભૂલી નહિ.’’ નિયા કંઈ બોલી નહિ પણ પોતાની બેગમાંથી એક નાનકડું સુંદર બોક્ષ કાઢીને દેખાડ્યું. તેમાં તેમની દોસ્તીની ઘણી નાની નાની યાદો હતી ફોટોગ્રાફ્સ, આઇકાર્ડ, સાથે જીતેલું મેડલ, ગ્રીટિંગ કાર્ડ્સ વગરે. તેનાં મિત્રોએ કહ્યું, ‘‘તેં આ બધું સાચવીને રાખ્યું છે?’’ નિયા બોલી, ‘‘માત્ર સાચવીને રાખ્યું જ નથી, હું મારી સાથે લઇ ગઈ હતી અને આપણી વર્ષોની મિત્રતાની યાદો સદા જીવંત જ રાખી હતી.’’

ઉપરના ત્રણ પ્રસંગમાં આમ તો કંઈ જ સામ્ય નથી. ક્યાંક દુ:ખ છે ,ક્યાંક ડર, ક્યાંક દોસ્તી....પણ ધ્યાનમાં લેવા જેવી વાત છે નાની નાની બાબતોની તાકાત. પહેલા પ્રસંગમાં એક અજાણી સ્ત્રીનું એક વાક્ય અને એક ઝપ્પી હિંમત આપે છે.બીજા પ્રસંગમાં નાનકડી મીણબત્તીની જયોતનો પ્રકાશ અંધારું અને મનનો ડર ભગાવી દે છે.ત્રીજા પ્રસંગમાં નાની નાની યાદો વર્ષોના અંતરાલ બાદ પણ દોસ્તી જીવંત રાખે છે.નાની નાની બાબતોમાં પણ ઘણી તાકાત છે.

# ગુજરાતનો સમાન નાગરિક ધારો: લૈંગિક સમાનતા તરફ પગલું ખરું?

માત્ર આઠ કલાકની ચર્ચા પછી ગુજરાત વિધાનસભામાં લગભગ ૨૦૦ પાનાંનો અને ૩૯૮ કલમ ધરાવતો સમાન નાગરિક ધારા (સ.ના.ધા.) પસાર થઈ ગયો. આ સાથે રાજ્ય કક્ષાએ સ.ના.ધા. લાગુ કરનાર ઉત્તરાખંડ પછી ગુજરાત ભારતનું બીજું રાજ્ય બન્યું. આમ તો બંને રાજ્યના કાયદાના ઢાંચામાં કોઈ ખાસ ફરક નથી. મુખ્ય જોગવાઈઓ પણ સરખી દેખાય છે. પ્રથમદર્શીય એવું દેખાય છે કે ગુજરાતમાં સમાન વારસો, ફરજિયાત લગ્ન નોંધણી અને કાનૂની રક્ષણ પૂરું પાડવા માટે તેમજ લિવ-ઈન સંબંધોને ઔપચારિક બનાવવા પર ભાર છે.

દેશની રાજકીય વાર્તાલાપમાં સ.ના.ધા. ઘણો ચર્ચાસ્પદ રહ્યો છે કારણ કે મહિલાઓના સંદર્ભે સમાનતા અને ધાર્મિક સ્વાતંત્ર્યના બે મૂળભૂત બંધારણીય હક વચ્ચે વિરોધાભાસ ઊભો થાય છે. દરેક ધર્મ, કોમ કે જ્ઞાતિના લગ્ન, છૂટાછેડા, બાળકની કસ્ટડી, કે વારસાઈ અંગેના કાયદા જુદા જુદા છે, કારણકે તેની પાછળનો ઐતિહાસિક સંદર્ભ ને સાંસ્કૃતિક મૂળિયાં અલગ છે. સાંસ્કૃતિક વૈવિધ્ય જરૂરી છે પણ સ્ત્રીઓના અધિકાર જોખમાતા હોય ત્યારે પ્રશ્નનું સ્વરૂપ બદલાઈ જાય છે. દા.ત. વારસાઈનો અધિકાર, માતાને બાળકના વાલી હોવાનો અધિકાર, છૂટાછેડા માટે સ્ત્રી-પુરુષો માટે અલગ શરતો, ભરણપોષણ માટેના સ્પષ્ટ નિયમોનો અભાવ જેવા મોરચે સામાજિક પરંપરાઓ આધારે ચાલતા નિયમો મહિલાઓ વિરુદ્ધ ભેદભાવ કરે છે. એટલે જ બાબાસાહેબ આંબેડકરે ચાલીસના દાયકામાં સ.ના.ધા. તરફેણ કરી હતી કે જેથી દેશની અડધી વસતી એવી મહિલાઓને તેમના મૂળભૂત હકોનું લોકતાંત્રિક રીતે રક્ષણ કરી શકાય. ગુજરાતના કાયદા સંદર્ભે પૂછીએ કે શું આ નવો કાયદો મહિલાઓના હકનું રક્ષણ કરે છે? તો જવાબ છે હા. જેમકે -

૧. પૈતૃક સંપત્તિમાં ભાઈ અને બહેન બંનેને સરખો અધિકાર

૨. બહુપત્નીત્વ પ્રથા પર પ્રતિબંધ, જે ફોજદારી ગુનો પણ બની શકે છે.

૩. છૂટાછેડા પછી, લીવ-ઈન રિલેશનમાંથી છૂટાં પડ્યા પછી તેમજ ત્યકતા સ્ત્રીઓના ભરણપોષણના અધિકારની જોગવાઈ. અહીં જોવાનું એ છે કે કાયદાની જોગવાઈની દૃષ્ટિએ ઉપરના ત્રણેય મહત્ત્વના અધિકાર હિંદુ મહિલાને મળી જ રહ્યા છે. હિંદુ વારસા અધિનિયમમાં ૨૦૦૫માં આવેલા સુધારામાં પૈતૃક સંપત્તિમાં ભાઈ અને બહેનને સરખો હિસ્સો મળવાની જોગવાઈ છે. બહુપત્નીત્વ તો હિંદુ કાયદામાં પહેલેથી જ ગેરકાનૂની ગણાય છે. એ જ પ્રમાણે હિંદુ લગ્ન કાનૂન-૧૯૫૫ પ્રમાણે છૂટાછેડા પછી હિંદુ મહિલાને ભરણપોષણ મળી જ શકે છે. આ જોતાં નવા કાયદાની જોગવાઈ હિંદુ કાયદા કરતાં ખાસ અલગ નથી. હા, લીવ-ઈન રીલેશનશીપને માન્યતા આપી તેમજ છૂટાછેડા સિવાય તરછોડાયેલી સ્ત્રીના હકને આ કાયદાએ ધ્યાનમાં લીધા છે જે આવકાર્ય છે. આ સિવાય સમગ્ર કાયદાનું ધ્યાન મુસ્લિમ મહિલાઓને ધ્યાનમાં રાખીને જ જાણે બનાવાયા છે. જ્યારે સ્ત્રીઓના હકને સ્વીકારતા સામાજિક સુધારા આવતા દાયકાઓ નીકળી જાય છે ત્યાં કાયદાકીય જોગવાઈ સુધારાને ચોક્કસ વેગ આપી શકે છે, એ વાતની ના નહીં. પણ ખરડો રજૂ કરતી વખતે મહિલાઓના અધિકારના નામે મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે લૈંગિક ભેદભાવની પ્રથાનાં જે ઉદાહરણ આપ્યાં તે બધા મુસ્લિમ સમાજને સંબંધી હતા. જેમકે, સંપત્તિમાં દીકરીને પચાસ ટકા વારસાઈ હક મળવો, નિકાહ હલાલા જેવી પ્રથા તેમજ લીવ-ઈન રીલેશનના મુદ્દે મહિલા સુરક્ષાની વાત કરતાં ઉદાહરણ પણ શ્રધ્ધા વાલકરનું આપ્યું. આખી રજૂઆતમાં મહિલાઓના હકને પ્રાધાન્ય આપવાના ઉદ્દેશમાં લઘુમતી પ્રત્યેનો દ્વેષ ભળી ગયેલો વર્તાયો. જો સ.ના.ધા. કોઈ પણ પૂર્વગ્રહ વિના લાગુ થાય તો તમામ સમુદાયોની લિંગ-ભેદભાવપૂર્ણ પ્રથાઓમાં સુધારો કરી શકે અને કાયદાના અસરકારક અમલ પણ કરી શકે. પરંતુ, જો એની પાછળ લઘુમતી પ્રથા પ્રત્યે દ્વેષ કારણભૂત હોય તો કાયદાના અસરકારક અમલમાં આજે જે તકલીફ પડી રહી છે - જેમકે કાયદાની જોગવાઈ હોવા છતાં વારસાઈ હક કે ભરણપોષણ મેળવવામાં હિંદુ સ્ત્રીઓને જે સંઘર્ષ કરવો પડે છે એ પરિસ્થિતિ સુધારવાની દિશામાં પગલાં લેવાને પ્રાધાન્ય મળશે ખરું?

આ સાથે બીજી લાલબત્તી પણ જોઈ લઈએ. કાયદામાં લીવ-ઈન રીલેશનની નોંધણી કરવી ફરજીયાત કરવામાં આવી છે. એમાં અને તાજેતરમાં ‘ગુજરાત લગ્નનોંધણી અધિનિયમ-2006’ના નિયમોમાં લગ્નની નોંધણી કરાવનાર દંપતીનાં માતા-પિતાને 10 દિવસમાં તેની જાણ કરવાની જોગવાઈની દરખાસ્તમાં થોડું સામ્ય છે. બંનેમાં મહિલાઓને ‘રક્ષણ’ આપવાના પ્રયાસમાં ઊંડે ક્યાંક સ્ત્રીને ઉતરતી, બિચારી, ભોળવાઈ જઈ શકે એવી, લાંબુ નહિ વિચારી શકનાર વ્યક્તિ તરીકેની સમજ દેખાય છે. જે તેના વ્યક્તિસ્વાતંત્ર્ય પર એક પ્રકારનું નિયંત્રણ મૂકે છે. મોટે ભાગે લીવ-ઈનમાં રહેતાં દંપતી લગ્ન સિવાય સાથે રહેવાનું એટલે પસંદ કરે છે કે એમને કોઈ સામાજિક દબાણ કે બંધન નથી જોઈતાં. પણ ફરજીયાત નોંધણીની જોગવાઈ આવી વ્યક્તિસ્વાતંત્ર્યની સ્વીકૃતિનો છેદ ઉડાડે છે. વળી, જો કોઈ કિસ્સામાં ઓળખ છુપાવી છેતરામણી કરી હોવાનો આક્ષેપ હોય તો સાત વર્ષ સુધીની જેલની પણ જોગવાઈ છે. આ જોગવાઈ પેપર પર ચોક્કસ યોગ્ય લાગે પણ જ્યારે ‘લવ-જીહાદ’નો સાચો કે કાલ્પનિક ભય સમાજમાં હોય તેમજ કિંજલ દવે જેવી ખ્યાતનામ વ્યક્તિના લગ્ન પણ આંતરજ્ઞાતીય હોવાને કારણે વિવાદ જગાવતા હોય ત્યારે આવી ફોજદારી જોગવાઈનો ઉપયોગ કોની સામે થશે એ અંગે ચિંતા કરવી વાજબી છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## કહેવાની વાત

નેહા શાહ

**ગુજરાતના કાયદા સંદર્ભે પૂછીએ કે શું આ નવો કાયદો મહિલાઓના હકનું રક્ષણ કરે છે? તો જવાબ છે હા**

# રોજગારી સર્જન વગર ,આવક સર્જન વગરના વિકાસને માત્ર વૃધ્ધિ કહેવાય એ સરકારે સમજવાની જરૂર છે

આર્થિક વિકાસ એ તમામ દેશોની પ્રાથમિક જરૂરિયાત છે.જેમનો વિકાસ બાકી છે તે વિકાસ માટે પ્રયત્નશીલ છે અને જેમનો વિકાસ થઈ ગયો છે, તે વિકાસને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. આજે વિકાસ એ રાજનીતિનો હિસ્સો બની ગયો છે અને ભારત જેવા દેશમાં તમે વિકાસ ના કરો તો ચાલે પણ તમારે વાતો તો વિકાસની જ કરવી પડે.

ભારતમાં ઘણા અત્યારે આઈ પી એલની, ટ્રમ્પની, શેર બજારની, શિક્ષણમાં અંધાધૂંધી આ બધી ચર્ચામાં મશગુલ છે અને દેશમાં આંકડાઓ નિરાશાજનક આવી રહ્યા છે. અહેવાલો છે કે રોજગારીમાં રોજેરોજ ઘટાડો થઈ રહ્યો છે. આધુનિકીકરણ અને કોમ્પ્યુટરાઈઝેશનને લીધે જ્યાં દસ માણસો કામ કરતાં હતાં ત્યાં હવે એક બે માણસો કામ કરે છે. હવે આપણે નક્કી એ કરવાનું છે કે આપણે કામમાં ઝડપ જોઈએ છે કે દેશમાં રોજગારી? “કામ થોડું ધીમું થાય પણ બે ઘરનો ચૂલો ચાલે”- એમ આપણે માનતા હોઈએ તો હવે એ નક્કી કરવાનો સમય આવી ગયો છે. ચાઈનીસ વસ્તુઓનો વિરોધ માત્ર આતંકવાદના મુદ્દે નથી કરવાનો, ભારતની રોજગારીનો મુદ્દો પણ એટલો જ અગત્યનો છે. અર્થશાસ્ત્ર માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરે છે અને સાધનોની પસંદગી અને વપરાશમાં પસંદગીનો ક્રમ નક્કી કરવામાં મદદ કરે છે. એક રીતે તે નિર્ણયો કરવામાં મદદ કરે છે. મૂડીવાદમાં બજાર અને સામ્યવાદમાં સરકાર નિર્ણયો કરે છે. કઈ વસ્તુનું ઉત્પાદન કરવું? કેટલા પ્રમાણમાં કરવું? કઈ પદ્ધતિથી કરવું? ઉત્પન્ન થાય તે વેચવું કઈ રીતે? આ બધા જ આર્થિક નિર્ણયો કાં તો રાજ્ય કરે અથવા બજાર કરે, ભારત જેવા મિશ્ર અર્થતંત્રવાળા દેશમાં બજાર અને રાજ્ય બંને આ નિર્ણય કરે ત્યારે એને જોવું જોઈએ કે દેશમાં બેકારી વધારે છે. અતિ વસતીવાળા દેશમાં યુવાનો વધારે છે. એક રીતે આ માનવશક્તિ છે.

જો એનો ઉપયોગ કરવામાં આવે તો દેશના વિકાસનો દર ઝડપથી ઊંચો જાય પણ કમનસીબે ભારતમાં બેરોજગારીનો દર ઊંચો જઈ રહ્યો છે અને આપણું તેના પર ધ્યાન જ નથી. વળી બેકારીને કારણે આર્થિક શોષણ વધ્યું છે એટલે આવકવૃદ્ધિ દર ખૂબ નીચો છે. આવકની અસમાન વહેંચણી રાષ્ટ્રીય આવકના આંકડામાં દેખાતી નથી એટલે વૃદ્ધિ અને વિકાસની ભ્રમણાઓ ઊભી થાય છે. સરકારનું અગત્યનું કામ આ વહેંચણી સુધારવાનું છે. ખાનગી ક્ષેત્ર પર વેતન બાબતે કોઈ નિયંત્રણ જ નથી. આ ના ચાલે. જેમ ટેલિફોનથી માંડીને વીજળીના દર નક્કી કરનારી સંસ્થાઓ છે તેમ આ તમામ ક્ષેત્રમાં વેતન નક્કી કરનારા અને તેનું મોનેટરીંગ કરનારાં પણ હોવાં જોઈએ.

આપણે પરિસ્થિતિની ગંભીરતા સમજતા નથી. આપણી આસપાસનું જગત જોતાં નથી. કળાના ક્ષેત્રથી માંડીને બેન્કિંગ, ઉદ્યોગ, શિક્ષણનાં તમામ ક્ષેત્રોમાં જરૂર કરતાં ઓછાં માણસોથી ચલાવાય છે અને ખૂબ જ ઓછા પગાર ચૂકવાય છે. મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ જોવાના આપણે ભલે ૨૫૦ થી ૩૦૦ ચૂકવીએ પણ આ જગ્યા એ કામ કરનાર સફાઈ કામદારથી માંડીને મેનેજર સુધીનાને ૫૦૦૦ થી ૧૨૦૦૦ નો જ પગાર મળે છે. મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલોમાં દર્દીઓ ભલે લાખો ચૂકવે પણ, નર્સ અને પટાવાળાને તો નામનું જ ચૂકવાય છે. ખાનગી શાળાઓમાં તમે લાખોનાં ડોનેશન ભલે આપો પણ ત્યાંનાં શિક્ષકોનું તો શોષણ જ થાય છે. હવે અર્થશાસ્ત્રના નિયમ મુજબ નાણું ફરતું નથી. આવક થાય એ મુજબ ખર્ચ થતો નથી. આપણે રૂપિયા ઉપાડવા માટે એ.ટી.એમ.નો ઉપયોગ કરીએ છીએ જ્યાં દરેક એટીએમ પર એક ચોકીદાર છે. હવે આના કરતાં ૨૪ કલાક માં ત્રણ પાળીમાં ક્લાર્ક બેસાડી રૂપિયા આપવાની વ્યવસ્થા થાય તો શું વાંધો આવે?

આપણે જે બજારો વિકસાવી રહ્યાં છીએ તેમાં વેચાતી વસ્તુઓ અને સેવાઓ ખરીદવા માટે લોકો પાસે આવક જોઈએ.આ આવક તો તેમની પાસે છે નહિ. હવે સ્થિતિ એ આવશે કે દવાખાનાં છે, દર્દી પણ છે, પણ દર્દી પાસે દવાખાનામાં જવાના રૂપિયા નથી.

હોટલો, સિનેમાઘરો છે પણ ત્યાં જવાના રૂપિયા નથી.

એક સાદું ગણિત આપણાં નેતાઓ સમજતાં નથી કે રોજગારી હોય તો આવક હોય અને આવક હોય તો ખર્ચ હોય અને ખર્ચ થાય તો માંગ થાય, ઉત્પાદન થાય અને દેશનો વિકાસ થાય.અમેરિકા જેવા વિકસિત દેશો પોતાના દેશમાં રોજગારી ટકાવી રાખવા દુનિયાને ખાનગીકરણ અને ઉદારીકરણના રસ્તા બતાવે છે. દુનિયાને યુદ્ધના રસ્તે લઇ જાય છે. વર મરો, વહુ મારો પણ ગોરનું તરભાણું ભરો એ વાત એ દેશો સમજે છે, આપણે જ સમજતાં નથી.

રીઝર્વ બેંકનો અહેવાલ જણાવે છે કે બિન બેંક ધિરાણ વધતું જાય છે. ક્રેડીટ કાર્ડ અને ખાનગી ફીનાન્સ કંપનીઓ દ્વારા લોન અપાય છે તેમાં એન. પી. એ. નું પ્રમાણ મોટું છે. સામાન્ય માણસ દેવાદાર થતો જાય છે. બાકી લોનની સંખ્યા વધતી જાય છે અને બચતો ઘટતી જાય છે કારણકે રોજગારી નથી અને જે છે તે યોગ્ય પગારની નથી. કોમ્પ્યુટર અને યાંત્રિકીકરણ વધવાના લીધે

રોજની ૫૦૦ નોકરીઓ ઓછી થતી જાય છે. આ સમાચાર ગંભીર છે. વસતી એ મૂડી છે તો સાથે જવાબદારી પણ છે. આપણે સ્માર્ટ સીટીની જરૂર નથી. કામ કરતા સીટીની જરૂર છે. યુવાનો હાથમાં મોબાઈલ લઈ બેસી રહેશે અને ચેટીંગમાં સમય વિતાવશે તો દેશનો વિકાસ નહિ થાય. રોજગારલક્ષી આયોજન એ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ. કોઈની દુકાનમાંથી વસ્તુ વેચાશે તો એના ઘરમાં દિવાળીનો દીવો થશે કે ઈદ ઉજવાશે.

છેલ્લાં વર્ષોમાં ચોમાસું બહુ અનિયમિત બન્યું છે. તૈયાર પાક નિષ્ફળ જાય ત્યારે ઘણા પ્રશ્નો સર્જાય છે. આપણા ગ્રામીણ વિકાસ અને રોજગારીનો મોટો આધાર ખેતી છે.અરે, ઉદ્યોગ અને સેવા ક્ષેત્રના વિકાસ માટે પણ ખેતીનો વિકાસ જરૂરી છે. વધતી યુવા વસતી આવનારા સમયમાં ઘરડાંઓમાં પરિવર્તિત થશે અને તે વાત દેશનું આર્થિક ભવિષ્ય નક્કી કરનારાએ સમજવાની જરૂર છે અને નેતાઓ ના સમજે તો પ્રજાએ તો સમજવી જ પડશે કે રોજગારી જ આપણો સૌથી મોટો પ્રશ્ન છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાજ કાજ ગુજરાત

કાર્તિકેય ભટ્ટ

**આધુનિકીકરણ અને કોમ્પ્યુટરાઈઝેશનને લીધે જ્યાં દસ માણસો કામ કરતાં હતાં ત્યાં હવે એક બે માણસો કામ કરે છે**

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### પ્રકૃતિ માનવજીવનનો આધારસ્તંભ

માણસનું અસ્તિત્વ પ્રકૃતિ વિના શક્ય નથી. હવા, પાણી, જમીન, વૃક્ષો, પ્રાણીજગત-આ બધું પ્રકૃતિના અમૂલ્ય ઉપહાર છે. માનવજીવનના દરેક ક્ષેત્રમાં પ્રકૃતિનું મહત્ત્વ અનિવાર્ય છે. સ્વચ્છ હવા આપણું સ્વાસ્થ્ય જાળવે છે, શુદ્ધ પાણી જીવન માટે જરૂરી છે અને વૃક્ષો આપણને ઓક્સિજન આપીને પર્યાવરણનું સંતુલન જાળવે છે. પ્રકૃતિ માત્ર ભૌતિક જરૂરિયાતો પૂરતી મર્યાદિત નથી, પરંતુ માનસિક શાંતિ અને આનંદનો પણ સ્રોત છે. સુંદર પર્વતો, નદીઓ, જંગલો અને સમુદ્ર માણસને પ્રેરણા આપે છે અને તેના મનને શાંતિ આપે છે. પ્રકૃતિ સાથેનો સંબંધ માણસને વિનમ્રતા અને સહઅસ્તિત્વ શીખવે છે.પરંતુ, આજના યુગમાં માનવવિકાસના નામે પ્રકૃતિનું ભારે શોષણ થઈ રહ્યું છે. જંગલોની બેફામ કાપણી, પ્રદૂષણ, જળસ્રોતોનો વ્યર્થ વપરાશ અને ઔદ્યોગિક કચરો-આ બધું પ્રકૃતિને નુકસાન પહોંચાડે છે, જેના પરિણામે ગ્લોબલ વોર્મિંગ, હવામાનમાં ફેરફાર અને પ્રાણીઓનાં નિવાસસ્થાનો નષ્ટ થવા લાગ્યાં છે. આથી, પ્રકૃતિની જાળવણી આપણી પ્રથમ ફરજ છે. આપણે વધુમાં વધુ વૃક્ષો વાવવાના, પાણીનો બચાવ કરવાનો, પ્રદૂષણ ઘટાડવાનો અને પર્યાવરણમૈત્રી જીવનશૈલી અપનાવવાની જરૂર છે. પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ, રિસાયકલિંગ અને ઊર્જા બચત જેવાં પગલાં પણ મહત્ત્વપૂર્ણ છે.અંતમાં કહી શકાય કે પ્રકૃતિ આપણી માતા સમાન છે. જો આપણે એની સાચવણી નહીં કરીએ, તો ભવિષ્યમાં માનવજીવન મુશ્કેલીમાં મુકાઈ જશે. તેથી, પ્રકૃતિનું સંરક્ષણ કરવું એ માત્ર ફરજ નહીં, પરંતુ આપણી જવાબદારી અને કર્તવ્ય છે.

સુરત - સુનીલ શાહ

### શિક્ષણ અને સંવાદ મુશ્કેલ પ્રશ્નો હલ કરી શકે

પહેલાંના સમયમાં એવું જોવા મળતું કે મહદ્ અંશે મા-બાપ જે નોકરી-ધંધો કરતાં એ વ્યવસાયમાં એમનાં સંતાનો જોડાઇ જતાં અને દીકરા-દીકરીઓનું સગપણ પણ વડીલો ગોઠવતા જે વ્યવસ્થામાં મોટા ભાગનાં દીકરા-દીકરીઓ કોઇ પણ જાતના વિરોધ વિના ગોઠવાઇ જઇ એમનું જીવન સુખરૂપ પસાર કરતાં. પરંતુ ભૂતકાળ અને આજના સમયમાં ઘણો બદલાવ આવ્યો છે. આજે પહેલાં કરતાં શિક્ષણનું પ્રમાણ વધવા સાથે આજનાં યુવાનો પોતાની જિંદગી અંગે સ્વતંત્ર રીતે વિચારતાં અને નિર્ણય લેતાં થયા છે જે ઘણી વખત જે તે સમાજની વિચારસરણી સાથે મેળ ન ખાતાં કુટુંબના વડીલો, બે કુટુંબ કે બે ન્યાતો વચ્ચે ઘર્ષણનું કારણ બની શકે છે. પણ ઘણાં કુટુંબોમાં આજે પણ જોવા મળે છે કે દિવસમાં એક વાર બધા સાથે બેસીને ભોજન કરે છે જે દરમિયાન થતી વાતો એકબીજા પ્રત્યેની પ્રેમની લાગણીમાં વધારો કરી બે પેઢી વચ્ચે એક સેતુનું કામ કરી શકે. બન્ને પેઢી વચ્ચેનું વૈચારિક અંતર ઘટી શકે એટલું જ નહીં પરંતુ આ સમય દરમિયાન ઘણા મુશ્કેલ સવાલોનો ઉકેલ પણ આવી શકે જે દ્વારા ઉપર દર્શાવેલા પ્રસંગો બનતાં ઓછા થઇ શકે એટલું જ નહીં પરંતુ ઘરનાં કે બે કુટુંબનાં સભ્યો વચ્ચે સંવાદિતા પણ જળવાઇ રહે.

સુરત - હિતેન્દ્ર ભટ્ટ

### ઉપેક્ષા અને અપેક્ષા સિક્કાની બે બાજુ

માનવી સામાજિક પ્રાણી હોવાથી, વિચારશીલ વ્યક્તિ તરીકે તેનામાં ઉપેક્ષા અને અપેક્ષા બન્ને રહેવાની. દરેક વ્યક્તિ પોતાની હેસિયત અને મર્યાદામાં રહીને અપેક્ષા રાખે તો ઉચિત ગણાય. વ્યવહારમાં આપણે અનુભવીએ છીએ કે કેટલાંક વ્યક્તિઓ દરેક ક્ષેત્રે પોતાની ઉપેક્ષા થઈ રહી હોવાની જાણ છતાં બુદ્ધિશાળી વ્યક્તિ એમ વિચારે કે ઉપેક્ષા કેવી વ્યક્તિ દ્વારા થઈ રહી છે. જો આવી ઉપેક્ષા હીન કક્ષાની હોય તો ઉપેક્ષિત થનાર વ્યક્તિ આ બાબતને ધ્યાને લેતા નથી હોતા. જીવનના દરેક તબક્કે સામાજિક, આર્થિક, રાજકીય, વહીવટ ક્ષેત્રે બધાથી પર રહીને જે સેવાનું કાર્ય કરે છે તેના માટે ઉપેક્ષા જેવી બાબત ગૌણ બની જાય છે. ઘણી વખત એવું બને કે દરેક ક્ષેત્રે દરેક પ્રકારના વ્યક્તિ સાથે કામ લેવાનું હોય ત્યારે વિશાળ હૃદય અને મોકળું મન રાખીને ચોક્કસ જગ્યાએ હાજરી આપવાની હોય છે. ઘણી વખત નબળા વ્યક્તિ ઉપેક્ષાનો વધુ પડતો શિકાર બને છે. પોતાની જાત સાથે અપેક્ષા રાખવામાં આવે તો દરેક વ્યક્તિનો ego જેવું કંઈ રહેતું નથી.

સુરત - ચંદ્રકાંત રાણા

### કહાની કેરોસીનની

સરકારે ઉજ્જવલા યોજના હેઠળ ગેસના બાટલા આપી કેરોસીન બંધ કર્યું હતું. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધના કારણે ઊર્જા પુરવઠા શૃંખલા ખોરવાઈ છે,જેને પગલે સરકારે રસોઈ અને પ્રકાશની જરૂરિયાત માટે જાહેર વિતરણ હેઠળ કેરોસીન વેચવાની મંજૂરી આપી છે. કેરોસીનનો પણ એક જમાનો હતો. કેરોસીન માત્ર જાહેર વિતરણ હેઠળ જ મળતું હતું. કેરોસીન લેવા માટે ડેપો પર લાંબી લાંબી લાઈનો લાગતી હતી. કેરોસીનના મોટા પાયે કાળાબજાર થતાં. ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકોના ઘરે ઘરે રસોઈ માટે પિત્તળના પ્રાઈમસનો ઉપયોગ થતો હતો. બત્તીવાળા અશોક પ્રાઈમસ રસોડાનું સ્ટેટસ ગણાતું. લાઈટના વિકલ્પ તરીકે કેરોસીનથી ચાલતા ફાનસનો ઉપયોગ ગામડાંના ઘરે ઘરે થતો. સુરતમાં ઘરોમાં પાવર જાય ત્યારે કરોસીનથી ચાલતો દીવો ઘરમાં ઉજાશ ફેલાવતો હતો. પહેલાંના જમાનામાં આમ તો વરઘોડો વહેલો નીકળતો હતો, જે વરઘોડો રાત્રે નીકળતો તે લાઈટવાળો વરઘોડો કહેવાતો, જેમાં પેટ્રોમેક્સથી વરઘોડામાં ઉજાશ ફેલાતો. આ પેટ્રોમેક્સ પણ કેરોસીનથી ચાલતાં હતાં. પેટ્રોલમાં કેરોસીનનું ભેળસેળ થતું હતું. જ્યારે ઓટોરીક્ષા પેટ્રોલથી ચાલતી હતી ત્યારે ઘણી રીક્ષા કેરોસીનથી પણ ચાલતી હતી. કેરોસીનને ‘ઘાસતેલ’ પણ કહેતા હતા.

સુરત - કિરીટ મેઘાવાલા

### સુરતનું ગૌરવ

સુરતના રમેશભાઈ પટેલ સારા લેખક અને કવિ છે. લલિત નિબંધ સંગ્રહ ‘શબ્દના ધબકારા’ને મુંબઈની સાહિત્ય સંસ્થા કલા ગુર્જરી દ્વારા ‘ગિરા ગુર્જરી નિબંધ સંગ્રહ’નું પારિતોષિક પ્રાપ્ત થયું. અભિનંદનને પાત્ર બન્યા. તે પણ બે વાર. સુરત માટે ગૌરવની વાત છે. ગણિત-વિજ્ઞાન તો એમની નસોમાં છે પણ ગઝલ અને હાઈકુના તેઓ બેતાજ બાદશાહ છે. 130 ઉપર પુસ્તકના રચયિતા છે.

સુરત - જયા રાણા

### જે નિર્વ્યસની હોય તે જ વ્યસન છોડવાની સલાહ આપી શકે

જે લોકો વ્યસન કરે છે તેમને પણ ખબર જ હોય છે કે વ્યસન વ્યકિતને નુકસાનકર્તા છે. છતાં તેઓ વ્યસન કર્યે જ રાખે છે. તેમની દલીલ મુજબ વ્યસન વ્યકિતને સ્ફૂર્તિ પૂરી પાડે છે.વળી તેઓ એમ પણ કહે છે કે ‘આદતસે મજબૂર’ કેટલાંક લોકો એવાં હોય છે કે બીજાને સલાહ આપવામાં જ માને છે.પરંતુ પોતાના દુર્ગુણ તરફ તેમનું ધ્યાન જતું નથી. વ્યસન છોડાવવા વિશેનો એક કિસ્સો રંગ અવધૂત મહારાજના જીવનમાં બનેલો,જે પ્રસ્તુત કરું છું.રંગ અવધૂત મહારાજ રોજ સવારે ચાલવા નીકળતા ત્યારે એક બાઈ તેમને દેશી દારૂ પીધેલી હાલતમાં સામે મળતી. એક દિવસ તેમણે તેને દારૂ પીવાનું કારણ પૂછ્યું. તેણે એવો જવાબ આપ્યો કે ‘‘મહારાજ, તમે રોજ સવારે ચા પીઓ છો?’’ મહારાજે હા પાડી. તેણે કહ્યું: ‘‘જે રીતે તમે ચા પીઓ છો તે રીતે હું દારૂ પીઉં છું’’. તેના બીજા દિવસથી અવધૂત મહારાજે ચા પીવાની છોડી દીધી. થોડા દિવસ પછી મહારાજે તે બાઈને કહ્યું કે ‘‘મેં ચા છોડી દીધી છે. તું દારૂ છોડી દઈશ?’’ આ પ્રસંગ એવી શીખ આપે છે કે આપણે કોઈને સુધારતાં પહેલાં પોતે સુધરવું પડે. મહાન સંતો નાના માણસો પાસેથી પણ કંઈક બોધપાઠ લે છે અને તેવા સંત જ મહાન બને છે.

ગોડાદરા, સુરત - પ્રવીણ પરમાર